ક્રેશ થયેલા હેલિકોપ્ટરમાં સીડીએસ સવાર હતા

રાવતના આક્રમક વલણથી ચીન-પાકિસ્તાન ડરતા હતા

લશ્કરના વડા હતા ત્યારે રાવતનું વલણ આક્રમક રહેતું સંરક્ષણના દરેક મુદ્દા પર સ્પષ્ટ અભિપ્રાય રજૂ કરતા હતા

નવી દિલ્હી, તા.૮

સીડીએસ બિપિન રાવત આજે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટર સાથે દિલ્હીથી એક કાર્યક્રમમાં ભાગ લેવા સુલુરથી વેલિંગ્ટન જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમનું વિમાન કુન્નૂરમાં ક્રેશ થયું છે. દુર્ઘટના સમયે હેલિકોપ્ટરમાં ૧૪ લોકો સવાર હતા. અત્યાર સુધીમાં ૧૧ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. બિપિન રાવત વિશે અત્યાર સુધી જે માહિતી સામે આવી રહી છે તેમાં કહેવામાં આવી રહ્યું છે કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. વિશ્વ તેમના વલણથી પરિચિત છે. તે ઘણીવાર પાકિસ્તાન અને ચીન વિશે કડક નિવેદનો આપી ચૂક્યા છે. સીડીએસ રાવત જ્યારે આર્મી ચીફ હતા ત્યારે પણ તેમનું સ્ટેન્ડ ભડકાઉ હતું. પાકિસ્તાન તેના નામથી ડરે છે.

સરદાર પટેલ એક ઉત્કૃષ્ટ સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે ભારત અને ચીન વચ્ચે સ્વતંત્ર તિબેટને 'બફર કન્ટ્રી' (બે દુશ્મન દેશો વચ્ચે સ્થિત અને પ્રાદેશિક સંઘર્ષને અટકાવતો નાનો દેશ) તરીકેની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તત્કાલીન વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સાથેના તેમના પત્રવ્યવહારમાં આ જોઈ શકાય છે.ઈતિહાસ એ હકીકતનો સાક્ષી છે કે જ્યારે પણ કોઈ દેશ તેના સશસ્ત્ર દળોની અવગણના કરે છે, ત્યારે બહારના દળો દ્વારા તેનું વધુને વધુ શોષણ થાય છે. તેમણે કહ્યું કે ૧૯૫૦ના દાયકામાં ભારતે ઈતિહાસના આ મહત્વપૂર્ણ પાઠને નજરઅંદાજ કર્યો અને સુરક્ષા તંત્ર ડૂબવા લાગ્યું અને ત્યાર બાદ જ ૧૯૬૨માં ચીને દેશને હચમચાવી નાખ્યો.

ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું હતું કે ભારતને આશંકા છે કે અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસન આવવાનું છે અને તેના માટે ભારતે પહેલેથી જ 'આકસ્મિક યોજના' તૈયાર કરી લીધી છે. સીડીએસ જનરલ બિપિન રાવતે જાહેરમાં કહ્યું છે કે ભારત અફઘાનિસ્તાનની પરિસ્થિતિ માટે તૈયાર છે અને જો ત્યાંની સ્થિતિ ભારતને અસર કરે છે તો ભારત તેના માટે પણ તૈયાર છે. જે રીતે આતંકવાદ સામે લડવામાં આવ્યો છે તે જ રીતે લડવામાં આવશે.

જૂન મહિનામાં પાકિસ્તાની સૈનિકોએ ઘણી વખત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. જે બાદ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું કે જો પાકિસ્તાન શાંતિ ઈચ્છે છે તો યુદ્ધવિરામ લાંબા સમય સુધી ચાલશે. તે બંને દેશો માટે સારું રહેશે. ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે જણાવ્યું હતું કે વર્ષોથી વ્યાપક યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયું છે, જ્યાં માત્ર નાના હથિયારો જ નહીં પરંતુ ઉચ્ચ કેલિબર હથિયારોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. યુદ્ધવિરામ ભંગને કારણે પાકિસ્તાની સેનાના રક્ષણાત્મક માળખાને ભારે નુકસાન થયું છે. તેના સૈનિકોને જાનહાનિ થઈ છે.

તત્કાલિન આર્મી ચીફ બિપિન રાવતે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરને લઈને મોટું નિવેદન આપ્યું હતુ. બિપિન રાવતે કહ્યું કે જમ્મુ-કાશ્મીરની વાત કરીએ તો તેમાં પીઓ-કે અને ગિલગિટ બાલ્ટિસ્તાન પણ સામેલ છે. પાકિસ્તાનનું નામ લીધા વિના, આર્મી ચીફે કહ્યું કે પીઓકે એ ગેરકાયદેસર કબજા હેઠળનો વિસ્તાર છે, જેના પર અમારા પશ્ચિમી પડોશીઓએ ગેરકાયદેસર રીતે કબજો કર્યો છે. બિપિન રાવતે કહ્યું હતું કે પાકિસ્તાને જે વિસ્તાર પર ગેરકાયદેસર કબજો જમાવ્યો છે તે વિસ્તાર પાકિસ્તાન નહીં પરંતુ આતંકવાદીઓ દ્વારા નિયંત્રિત છે. પીઓકે આતંકવાદીઓ દ્વારા નિયંત્રિત દેશ છે. આ સાથે તેણે કહ્યું, 'હું સૈનિકોને આશ્વાસન આપું છું કે તેઓને આ વર્ષના અંત સુધીમાં વિશ્વની શ્રેષ્ઠ અમેરિકન રાઈફલ મળશે.'

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ બિપિન રાવતે કહ્યું છે કે પાકિસ્તાન ભારતનો નંબર વન દુશ્મન નથી પરંતુ ચીન છે. બિપિન રાવતે જણાવ્યું હતું કે, વાસ્તવિક નિયંત્રણ રેખા પર ભારતનું પ્રાથમિક ધ્યાન ડી-એસ્કેલેશન પહેલા ડી-એસ્કેલેશન છે કારણ કે ચીન અમારો નંબર વન દુશ્મન છે, પાકિસ્તાન નહીં. રાવતે કહ્યું કે આવનારા સમયમાં ભારતને બે મોરચે દુશ્મનોનો સામનો કરવો પડી શકે છે.

કન્નુરમાં હેલિકોપ્ટર ક્રેશ થયું

સંરક્ષણમંત્રી સંસદમાં આજે માહિતી આપશે

નવી દિલ્હી, તા.૮

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ગુરૂવારે સંસદમાં હેલિકોપ્ટર દુર્ઘટના સાથે સંકળાયેલી જાણકારી આપશે. તમિલનાડુના કુન્નૂર ખાતે બુધવારે બપોરના સમયે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતને લઈને જઈ રહેલું સેનાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. દુર્ઘટના સમયે સીડીએસ બિપિન રાવત ઉપરાંત તેમના પત્ની અને સેનાના અન્ય અધિકારીઓ પણ તેમાં ઉપસ્થિત હતા. હેલિકોપ્ટરમાં કુલ ૧૪ લોકો સવાર હતા અને દુર્ઘટના બાદ તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહને દુર્ઘટના સાથે સંકળાયેલી જાણકારી આપવામાં આવી હતી. આ દુર્ઘટનામાં ૧૧ લોકોના મૃત્યુ થયા હોવાની પુષ્ટિ થઈ છે. રાજનાથ સિંહે સીડીએસ બિપિન રાવતના દિલ્હી સ્થિત આવાસની મુલાકાત લીધી હતી. દુર્ઘટના બાદ બિપિન રાવતના જિલ્લા પૌડી ગઢવાલના ધારી મંદિર ખાતે પૂજા-અર્ચના શરૂ થઈ ગઈ હતી અને લોકોએ સીડીએસના સારા સ્વાસ્થ્ય માટે કામના કરી હતી.

દુર્ઘટનાનો ભોગ બન્યું તે એ મ આ ઈ - ૧ ૭ વી - ૫ હેલિકોપ્ટર ખૂબ ખાસ હતું જે સૈન્યના ઉપયોગ માટે ખૂબ ઉન્નત ગણાય છે. તેનો ઉપયોગ ટ્રુપ અને આર્મ્સ ટ્રાન્સપોર્ટ, ફાયર સપોર્ટ, એસ્કોર્ટ, પેટ્રોલિંગ અને સર્ચ એન્ડ રેસ્ક્યુ (એસએઆર) મિશન માટે પણ કરવામાં આવે છે. ભારતમાં અનેક વીવીઆઈપી તેનો ઉપયોગ કરે છે. આ દુર્ઘટના બાદ તેના કારણો જાણવા માટે તપાસના આદેશ આપી દેવામાં આવ્યા છે.

ક્રેશ થયેલું હેલિકોપ્ટર રશિયન કંપની કજાનનું હતું

MI-17V-5 હેલિકોપ્ટર આધુનિક સુવિધા ધરાવે છે

૩૬ સૈનિકોને સાથે લઈ જઈ શકતા હેલિકોપ્ટરનો ઉપયોગ સૈનિકો, હથિયારોની હેરફેર, પેટ્રોલિંગ માટે કરાય છે

નવી દિલ્હી, તા.૮

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત અને તેમના પત્ની સહિત ૧૪ લોકોને લઈ જતુ હેલિકોપ્ટર ક્રેશ થયુ છે. આ એમઆઈ-૧૭વી-૫ પ્રકારનું હેલિકોપ્ટર છે અને તે સેનાના ઉપયોગ માટે અત્યંત સક્ષમ મનાય છે.આ હેલિકોપ્ટરનો ઉપયોગ સૈનિકો, હથિયારોની હેરફેર માટે તેમજ પેટ્રોલિંગ અને રેસ્ક્યુ મિશન માટે પણ કરવામાં આવતો હોય છે.ભારતમાં વીવીઆઈપી લોકોની મુસાફરી માટે તેનો ઉપયોગ થતો હોય છે. એમઆઈ-૧૭વી-૫ ટ્રાન્સપોર્ટ હેલિકોપ્ટર છે અને રશિયન કંપની કજાન હેલિકોપ્ટર તેનુ નિર્માણ કરે છે.તેની કેબિન અને બહારનો હિસ્સો માલ સામાનની હેરફેરને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવ્યો છે. ભારત દ્વારા ૧૨ એમઆઈ-૧૭વી-૫ હેલિકોપ્ટરોનો ઓર્ડર આપવામાં આવ્યો હતો.આ માટે ૨૦૦૮માં ૮૦ હેલિકોપ્ટરોનો સોદો રશિયા સાથે ૧.૩ અબજ ડોલરમાં કરવામાં આવ્યો હતો.૨૦૧૧માં ભારતીય વાયુસેનાને તેની ડિલિવરી મળવા માંડી હતી.૨૦૧૩ સુધીમાં ભારતને આવા ૩૬ હેલિકોપ્ટર મળ્યા હતા.૨૦૧૮માં તેની છેલ્લી ખેપ ભારતને મળી હતી. એપ્રિલ ૨૦૧૯થી તો આ હેલિકોપ્ટરનુ સમારકામ અને સર્વિસિંગ કરવા માટેનુ સેન્ટર પણ ભારતે સ્થાપી દીધુ હતુ.હેલિકોપ્ટરનુ કેબિન મોટુ છે. એમઆઈ-૧૭વી-૫ને તેના અગાઉના વર્ઝન એમઆઈ-૮ના આધારે ડિઝાઈન કરવામાં આવ્યુ હતુ. તેની પાછળની તરફ એક રેમ્પ પણ હોય છે.જ્યાંથી સૈનિકો અને માલસામાનની હેરફેર આસાનીથી થઈ શકે છે.ટેક ઓફ સમયે તેનુ મહત્તમ વજન ૧૩૦૦૦ કિલો હોય છે.તે ૩૬ સૈનિકોને એક સાથે લઈ જઈ શકે છે.તેમાં ચાર મલ્ટી ફંક્શન ડિસ્પ્લે, નાઈટ વિઝન ડિવાઈસ, ઓન બોર્ડ વેધર રડાર તેમજ ઓટો પાયલટ સિસ્ટમ સામેલ છે.ભારત માટે ખાસ બનાવાયેલા એ મ આ ઈ - ૧ ૭ વી - ૫ હેલિકોપ્ટરમાં નેવિગેશન, ઈન્ફર્મેશન ડિસ્પલે પણ સામલે હોય છે. સંકટ સમયે તેને હથિયારોથી પણ સજ્જ કરી શકાય છે.એસ-૮ રોકેટ, એક મશિન ગન, તેમાં ફિટ કરી શકાય તેમ છે.હેલિકોપ્ટર દુશ્મનો, બખ્તરબંધ વાહનો તેમજ જમીન પરના લક્ષ્યને ટાર્ગેટ કરી શકે છે.કોકપિટ અને બીજા મહત્વના હિસ્સા પર બખ્તરનુ આવરણ ચઢાવાયેલુ છે.તેની બળતણ ટેંકમાં ફોમ પોલીયુરેથેન ભરવામાં આવે છે.જેથી તેમાં વિસ્ફોટ ના થાય. હેલિકોપ્ટરમાં જામર પણ છે.આટલી આત્યાધુનિક સુવિધાઓથી સજ્જ હોવા છતા એમઆઈ-૧૭વી-૫ હેલિકોપ્ટર ક્રેશ થતા વાયુસેના અને સંરક્ષણ વિભાગની ઉંઘ ઉડી ગઈ છે.

કુન્નુર, તમિલનાડુમાં ક્રેશ થયેલા આઈએએફ એમઆઈ -૧૭ વી ૫ હેલિકોપ્ટરની ભંગાર. સીડીએસ જનરલ બીપિન રાવત, તેના સ્ટાફ અને કેટલાક પરિવારના સભ્યો હેલિકોપ્ટરમાં હતા.

રાવત સાથે હેલિકોપ્ટર દુર્ઘટના પહેલી નથી

રાવત નાગાલેન્ડમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં બચી ગયા હતા

૨૦૧૫માં હેલિકોપ્ટરે ઉડાન ભરી અને એન્જિન જમીનથી લગભગ ૨૦ ફૂટ ઉપર અટકતાં ક્રેશ થયું હતું

નવી દિલ્હી/દીમાપુર, તા.૮

તામિલનાડુના નીલગીરી જિલ્લામાં કુન્નુરમાં બુધવારે વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓને લઈ જતું આર્મીનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ હેલિકોપ્ટરમાં સીડીએસ બિપિન રાવત સહિત ૧૪ લોકો સવાર હતા. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. આખો દેશ બિપિન રાવતના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યો છે. ઘટના ૩ ફેબ્રુઆરી ૨૦૧૫ની છે. સવારના નવથી દસનો સમય હતો. હેલિકોપ્ટર નાગાલેન્ડના દીમાપુર જિલ્લામાં હેલિપેડ પરથી ઉડાન ભરી રહ્યું હતું. બોર્ડમાં લેફ્ટનન્ટ જનરલ બિપિન રાવત સહિત ત્રણ સેનાના જવાન હતા. હેલિકોપ્ટર ઉડાન ભરી અને એન્જિન જમીનથી લગભગ ૨૦ ફૂટ ઉપર અટકી ગયું હતું. હેલિકોપ્ટર ક્રેશ થયું, જેમાં સવાર તમામને ઈજા થઈ. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવત, તેમની પત્ની મધુલિકા રાવત અને તેમના પરિવારના કેટલાક સભ્યો પણ ક્રેશ થયેલા એરફોર્સના આ એમઆઈ૧૭-વીપ હેલિકોપ્ટરમાં સવાર હતા. કહેવામાં આવી રહ્યું છે કે ક્રેશ થયેલું હેલિકોપ્ટર થોડી જ વારમાં લેન્ડ થવાનું હતું.

ચીન-પાકિસ્તાન ભારત પ્રત્યેનું વલણ નહીં બદલી શકે

વાયુસેનાએ ક્ષમતા વધારવી જ પડશે : એર ચીફ માર્શલ

ભારતીય સીમા પર અસ્થિરતાના માહોલ અને ભવિષ્યમાં આ સળગતી સમસ્યા બની શકે છે : વિવેક રામ ચૌધરી

નવી દિલ્હી, તા.૮

ભારતીય વાયુસેનાના વડા અને એર ચીફ માર્શલ વિવેક રામ ચૌધરીએ કહ્યુ છે કે, ચીન અને પાકિસ્તાન ભારત પ્રત્યે પોતાનુ વલણ ક્યારેય નહીં બદલે.માટે વાયુસેનાએ પોતાની ક્ષમતાઓને વધારવી જ પડશે. તેમણે કહ્યુ હતુ કે, પાકિસ્તાનનુ કાશ્મીર મુદ્દે વલણ બદલાવાનુ નથી અને ચીન પણ અટકચાળા ચાલુ રાકશે.પાકિસ્તાન તરફથી ભારતમાં આતંકવાદને પ્રોત્સાહન આપવાની નીતિ પણ ચાલુ રાખશે.પાકિસ્તાને પોતાની સૈન્ય ક્ષમતાઓ વધારી છે ત્યારે ભારતીય વાયુસેનાએ પણ ક્ષમતાઓ વધારવાની જરુર છે. તેમણે કહ્યુ હતુ કે, આપણે આપણી વ્યૂહાત્મક પ્રાથમિકતાઓનુ મુલ્યાંકન કરવાની જરુર છે.જેથી આપણે પાછળ ના રહી જઈએ.સુરક્ષાની દ્રષ્ટિએ ભારતીય સીમા પર અસ્થિરતાના માહોલ છે અને ભવિષ્યમાં આ એક સળગતી સમસ્યા બની શકે છે.

ચૌધરીએ વાયુસેનામાં વિમાનોની સંખ્યા વધારવા પર અને તેમાં સ્વદેશી ઉપકરણોને સામેલ કરવા પર પણ ભાર મુકીને કહ્યુ હતુ કે, ભારત હવે આક્રમક દ્રષ્ટિકોમ અપનાવી રહ્યુ છે.

ઈ-હરાજી વેચાણ નોટિસ
સુપ્રીમ (ઇન્ડીયા) ઇમ્પેક્સ લિમિટેડ (લિક્વીડેશન)
કંપની વેચાણ માટે નાદારી કોડ ૨૦૧૬ હેઠળ
CIN NO. L51100GJ1995PLC026968

સુપ્રીમ (ઇન્ડિયા) ઇમ્પેક્ષ લિમિટેડ(લિક્વીડેશન) ની વેચાણ (૩૨એ) અંતર્ગત નાદારી અને નાદારી બોર્ડ ઓફ ઇન્ડિયા (લિક્વેડેશન પ્રક્રિયા) નિયમો ૨૦૧૬ (''લિક્વિડેશન રેગ્યુલેશન'') માનનીય રાષ્ટ્રીય કંપનીના લો ટ્રીબુનલ, અમદાવાદ બેંચ (એનસીએલટી) આદેશા અનુસાર તારીખ ૫ એપ્રિલ ૨૦૨૧ CP (IB) 501/7/NCLT/AHM/2018 (૧૨ એપ્રિલ, ૨૦૨૧ ના રોજ પ્રકાશિત). આ વેચાણ ઇ-હરાજી પ્લેટફોર્મ દ્વારા કરવામા આવશે https://www_.auctionfocus.in_

સંપત્તિનું વર્ણન	અનામત કિંમત (રૂ. કરોડમાં)	ઈએમડી રકમ (રૂ.કરોડમાં.)
વેચાણ કોર્પોરેટ ડેબટર મેસર્સ સુપ્રીમ (ઇન્ડિયા) ઇમ્પેક્સ લિમિટેડ વેચાણ નિયમન હેઠળ ૩૨ (ઇ) વાચવા માટે મર્યાદીત લિક્વીડેશન પ્રક્રિયાના નિયમ ૩૨એ સાથે રેગ્યુલેશન્સ ૨૦૧૬ ની નીચેની અકસ્માતોનો સમાવેશ થાય છે. (સંદર્ભ લો વધુ વિગતો માટે ઇ-હરાજી પ્રક્રિયા દસ્તાવેજ) :- એ) ફેક્ટરી જમીન અને બિલ્ડીંગ સાથે પ્લાન્ટ અને મશીનરીનું ક્ષેત્રફળ ૩૧૦૦૦ ચો. ફુ. પ્લોટ નં. ૮૨૩/૨, સચીન ઇન્ડસ્ટ્રીયલ એરીયા એસ્ટેટ , સાગર હોટેલ નજીક, રોડ નં. ૮, સચીન જીઆઇડીસી, તલંગપોર, ચોર્યાસી, સુરત. બી) ઇન્ડસ્ટ્રીયલ જમીન ક્ષેત્રફળ ૪૩૮૯૪ ચો.ફુ. પ્લોટ નં. ૧૫, સચીન એપ્રર્લ પાર્ક (એસઇઝેડ), સચીન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વાંઝ સુરત. સી) કોમર્શીયલ શોપ ક્ષેત્રફળ ૧૭૦૦ ચો. ફુ. (કારપેટ એરીયા) શોપ નં. ડી-૧૪૨૫ થી ૧૪૨૯ અને ડી-૧૪૦૮ થી ૧૪૮૨ ગ્રાઉન્ડ ફ્લોર, રઘુકુલ માર્કેટ, મિલેનિયમ ટેક્સટાઇલ માર્કેટ, મીઠી ખાડી રોડ, રિંગ રોડ આંજણા સુરત. ડી) બધી સેક્યુરીટી અને ફાઇનાન્સીયલ એસેટ કન્સીટીંગ રિસિવેબલ સ્ટોક ટ્રેડ, ઇન્વેસ્ટમેન્ટ અને અન્ય ફાયનાન્સ સંપત્તી અને સિક્યોરીટી	14.60	1.50

રસ ધરાવતા અરજદારો કોર્પોરેટ લેણદારની સંપત્તિના વેચાણ માટે તેમની ઇઓઆઇને સબમિટ કરી શકે છે વિગતવાર ઇ-હરાજી પ્રક્રિયાના સંદર્ભમાં સૂચિત ઇએમડી સાથે ઇ-હરાજીની વિગતવાર શરતો અને શરતો ધરાવતી દસ્તાવેજ. ઇ-હરાજી માટે પ્રક્રિયા દસ્તાવેજ, કૃપા કરીને મુલાકાત લો www.auctionfocus.inor send email at liquidator. supremeindia@ gmail.com & liqoffice. supremeindia@gmail.com. Contact details: +91- 9833271593

અન્ય મુદ્દાઓ

૧. ઇ-હરાજી **"એ છે કે જ્યાં આધાર છે, તે જ આધાર છે, ગમે તે આધાર હોય, કોઈ આશ્રયનો આધાર "**હાથ ધરવામાં આવશે .

૨. આ વેચાણ નોટિસ સંપૂર્ણ ઇ-હરાજી પ્રક્રિયા સાથે જોડાણમાં વાંચવામાં આવશે દસ્તાવેજોમાં વિગતવાર નિયમો અને શરતો અને અકસ્માતોનો સંક્ષિપ્ત, બિડ શામેલ છે એપ્લિકેશન ફોર્મ, સામાન્ય શરતો અને ઇ-હરાજીના વેચાણની શરતો જે ઉપલબ્ધ છે વેબસાઇટ website www.auctionfocus.in or through mail liquidat or. supremeindia@gmail.com&liqoffice.supremeindia@gmail.com

૩. ઇએમડી અને અન્યની રજૂઆત માટે પુરાવા સાથે વ્યાજની અભિવ્યક્તિ ("ઇઓઆઇ") ઇ-હરાજી પ્રક્રિયા દસ્તાવેજ મુજબ દસ્તાવેજો સબમિટ કરવાની જરૂર છે ઇ-મેલ દ્વારા સોફ્ટ કોપિમાં લિક્વિડેટર E-mail to supremeindia@gmail.com and liqoffice. **૨૭ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૭ વાગ્યા પહેલા** ઇઓઆઇ દસ્તાવેજો અને ઇએમડીની હાર્ડ કોપિ સરનામાં પર પણ સબમિટ કરી શકાય છે જી-૧૯, શ્રી વર્ધવન કોમ્પલેક્ષ, મેઝાનાઇન ફ્લોર લેન્ડમાર્ક બિલ્ડીંગ રામદાસપેઠ, વર્ધા રોડ, નાગપુર, મહારાષ્ટ્ર-૪૪૦૦૧૦ ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ સાંજે ૭ વાગ્યા પહેલા ઇઓઆઇ તથા ઇ-મેલ સબમિશન કરી શકાશે

૪. ઇ-હરાજી **૩૦/૧૨/૨૦૨૧ થી ૩.૦૦ વાગ્યાથી ૫.૦૦ વાગ્યા સુધી કરવામાં આવશે**

વિકાસ પ્રકાશ ગુપ્તા
લિક્વીડેટર
સુપ્રીમ (ઇન્ડિયા) ઇમ્પેક્ષ લિમિટેડ
રજીસ્ટ્રેશન નં. IBBI/IPA-001/IP-P00501/2017-18/10889

તારીખ: ૦૯/૧૨/૨૦૨૧
સ્થળ : સુરત

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **તસ્નીમ માધવ કામત કોપ** હતું જે નામ બદલીને નવું નામ **તસ્નીમ માધવ કામત** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: તસ્નીમ માધવ કામત
સરનામું : ૫૪, રોચી, જમનાબાગ સોસાયટી, અબ્રામા, વલસાડ, વલસાડ, ગુજરાત- ૩૯૬૦૦૧

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **હિરપરા રિમ્પલબેન મોહિતભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **હિરપરા રિમ્પલબેન મોહિતકુમાર** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: હિરપરા રિમ્પલબેન મોહિતકુમાર
સરનામું : ૩૦૩, સંગમ એપાર્ટમેન્ટ, અંકુર સોસાયટી, એ.કે. રોડ, સુરત- ૩૯૫૦૦૮

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **હિરપરા મોહિતકુમાર જયંતિભાઈ** હતું જે નામ બદલીને નવું નામ **હિરપરા મોહિતકુમાર જેન્તીભાઈ** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: હિરપરા મોહિતકુમાર જેન્તીભાઈ
સરનામું : ૩૦૩, સંગમ એપાર્ટમેન્ટ, અંકુર સોસાયટી, એ.કે. રોડ, સુરત- ૩૯૫૦૦૮

નામ બદલેલ છે.
મારું જૂનું નામ **રાહુલભાઈ અજયકુમાર ચોરસીયા** હતું જે નામ બદલીને નવું નામ **રાહુલ અજયકુમાર ચોરસીયા** રાખેલ છે. જેની સર્વે નોંધ લેવી.
લિ.: રાહુલ અજયકુમાર ચોરસીયા
સરનામું : ફ્લેટ નંબર, ડી-૧૦૧, સનરાજ રેસીડેન્સી-૩, મુખ્તાનંદ માર્ગ વાપી, પબ્લીક વિદ્યાલયની પાસે ચલા, વાપી, ચલા, વલસાડ, ગુજરાત- ૩૯૬૧૯૧

નામ બદલેલની કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

MO. 8980425425
MO. 9824160006

ડાંગ કાર્યાલય
કોઇપણ પ્રકારની પ્રેસનોટ તથા જાહેરાત માટે સંપર્ક કરો
પુટલિંક વાઘમારે
૯૫૭૪૭૧૧૯૮૪